Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ. ૨૦ મું. અંક ૬ ઠો.

# જૈનધર્મ પ્રકાશ.

ભાદ્રપદ. સં. ૧૯૬૦

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत ॥
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
नचेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | ગ્રંથવૃદ્ધિ સૂચક પદ. | ૧૨૧ |
| ૨ | વિષય કષાય વિરક્તતા. | ૧૨૩ |
| ૩ | શ્રાવક તરિકે ઓળખાતા જૈનોની અમલ કરવા યોગ્ય ફરજો. | ૧૨૮ |
| ૪ | લક્ષ્મીભોગ ઉદ્ગાર. | ૧૩૮ |
| ૫ | જૈન કોન્ફરન્સમાં આવેલું તેજ. | ૧૪૧ |
| ૬ | વર્તમાન સમાચાર. | ૧૪૩ |


અમદાવાદ

"ઓંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં

નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

વીર સંવત ૨૪૩૦ શાકે ૧૮૨૬ સને ૧૯૦૪

વાર્ષિક મૂલ્ય રૂ. [illegible]) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## અમારી તરફથી છપાઇને બહાર પડી છે
## ગુજરાતી પાંચ પ્રતિક્રમણ સૂત્ર.

શીલાછાપમાં મોટા અને લાઇનવાળા અક્ષરોથી પ્રથમ ભીમશી માણેક તરફથી છપાયેલ હતી તેવી અમારા તરફથી હાલમાં ઘણા વધારા સાથે શુદ્ધ કરીને છપાવવામાં આવી છે. પાકા પુંઠાથી સુશોભિત બંધાવી છે. કિંમત ખાસ ઘટાડવામાં આવી છે. જૈનશાળાઓમા તથા ઇનામને માટે રૂ. ૦-૭-૦ પોતાને માટે ખરીદનારના રૂ. ૦-૮-૦


---

## જૈનો માટે જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી નીચે જણાવેલા ધંધાઓ અનુકુળ પડતે સ્થળે શીખવા સારૂ સાથે બતાવેલી સંખ્યાના જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપવામાં આવશે પોતે શીખવા ધારેલા ધંધા માટે જોઇતી લાયકાતનાં સર્ટીફીકેટો બને તો અરજીઓ સાથે નીચેને સરનામે મોકલવાં

| ધંધો | હાલમાં મંજુર થયેલી સંખ્યા. | માસીક સ્કોલરશીપ રૂપીઆ. |
|---|---|---|
| કમ્પોઝીટર. | ૧૦ | ૫ |
| ફ્રેરોટાઇપ યાની રસાયણી ક્રીયાથી પુસ્તકો છાપવાની રીત. | ૫ | ૫ |
| લકીઆનું કામ | ૧૫ | ૫ |
| બુકકીપીંગ ઇંગ્રેજી | ૫ | ૮ અને |
| શોર્ટહેન્ડ રીપોર્ટીંગ ઇંગ્રેજી | ૫ | ” |
| ટાઇપ રાઇટીંગ | ૫ | ” |
| ઘડીઆળ દુરસ્ત કરવાનું કામ | ૨ | ” |
| ગીલેટ કરવાનું કામ | ૨ | ” |
| રબરસ્ટેમ્પ બનાવવાનું કામ | ૨ | ” |

મોટાં શહેરોમાં જુદા જુદા પદાર્થોની ફેરી કરવાની ઇચ્છા રાખનાર ખાત્રી આપ્યેથી રૂ.૫-૧૦ સુધીનો માલ ધીરાવી આપવાની સવડ કરી આપવામાં આવશે વધુ ખુલાસા માટે નીચેને સરનામે પત્ર વ્યવહાર કરવો.

સરાફબજાર, મુંબાઇ. } જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

દોહરો.
મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૦ ભાદ્રપદ અંક ૬ ઠો.

## संपद्वृद्धि सूचक पद्य.

(હરિગીત.)

જુઓ જગતના સહુ ધર્મ જેમાં, જૈનધર્મ પ્રચંડ છે,
વળી જ્ઞાનનો ભંડાર ભરપુર, ગુપ્ત ગ્રંથ અમૂલ્ય છે;
અમૂલ્ય આવા ધર્મનો આશરો તજીને ઉર ધરો,
**સુસંપ ધરી જૈનો તમે જિન ધર્મની રક્ષા કરો.** ૧
ઉદ્યોત જેનો સર્વદા સર્વ સ્થળે દીસતો હતો,
વળી મહા પુન્યોના પ્રભાવે અતિ શોભિત જે હતો;
કુસંપ ત્યાં આવી નડ્યો જૈનો તમે દિલમાં ધરો,
**સુસંપ ધરી જૈનો તમે જિન ધર્મની રક્ષા કરો.** ૨
જે નીતિથી ભરપૂર છે, હિંસા થકી વળી દૂર છે,
અમૂલ્ય તત્વોથી ભર્યો જે જ્ઞાનમાં અતિ શ્રેષ્ઠ છે;
મન કાગ છોડી હાગ ધરીને, ધર્મ આવો દિલ ધરો,
**સુસંપ ધરી જૈનો તમે જિન ધર્મની રક્ષા કરો.** ૩
નિજ ધર્મ શું છે તે ન જાણે આજના[1] યુવાનીઆ,

૧ આજના=આ જમાનાના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબક્લેશ કરતા તે આજ્ઞા કરે તેને શિરસાવંદ્ય ગણી માત્ર કામવાસના-પ્રવૃત્તિને પૂર્ણ કરે છે. કેટલાક સત્વવાન્ ગણાતા ક્રોધી કે અભિમાની માણસો આમાંના કોઇક સ્વભાવનો સ્વીકાર કરતા નથી, પરંતુ તે કાંઇ કામ વાસના અથવા તો સ્પર્શેંદ્રિયના વિરક્તપણાથી નહીં પરંતુ વિષયને બદલે કષાયની પુષ્ટતા હોવાથી. તેથી તેઓ પ્રશંસાપાત્ર નથી પરંતુ જેઓ સ્ત્રી-શરીરના અશુચિપણાને વિચારી, તેના સ્વાભાવિક દુર્ગુણોને લક્ષમાં લાવી, સ્ત્રી-સેવનથી થતી પારાવાર હિંસાને સ્મરણમાં રાખી, કર્મબંધના પ્રબળ કારણ ભૂત તેને ગણી સ્પર્શેંદ્રિયના વિષયથી વિરામ પામે છે એટલે કે તેની આ-સક્તિને વર્જે છે તે પુરૂષોને ધન્ય છે, તેઓ પ્રશંસનીય છે અને તેઓજ પોતાની સંસારસ્થિતિને ઘટાડનારા છે.

રસ ઇંદ્રીના સંબંધમાં વિચાર કરતાં-ચારે બાજુ દ્રષ્ટિ કરીને જોતાં અનેક મનુષ્યો જ્ઞાનીમાં ગણાતાં છતાં અને ડહાપણદારની પંક્તિમાં મુકાયા છતાં ભક્ષાભક્ષનો વિચાર કરતા જણાતા નથી, પેયાપેયને વિચા-રતા નથી, સ્વલ્પ સમયની તૃપ્તિને માટે અનંત જીવોનો વિનાશ કરતા શંકાતા નથી, અનેક જીવોના વિનાશના કારણભૂત રાત્રિભોજનને વગર અડચણે સ્વીકારે છે, પુષ્ટિના હેતુ માટે અભક્ષ પદાર્થોથી બનેલા ઔ-ષધો નિઃશંકપણે વાપરે છે, કેટલાક મદિરાપાન કરે છે, કેટલાક સોડાવોટર, લેમોનેડ, આઇસક્રીમ તેમજ બરફ વિગેરેમાં જીવત્વાદિકનો અથવા અભક્ષનો અસ્વીકાર કરી ખુશી થતા થતા વાપરે છે અને પોતાને નિર્દોષ વસ્તુના ભોક્તા માને છે, અનંતકાય કંદમૂળાદિકના છેદન ભેદન-માત્ર જીવ્હાઇંદ્રીની ક્ષણિકની-સ્વલ્પ સમયની-તૃપ્તિ માટે કરે છે ને કરાવે છે અને તેમાં રહેલા અનંત જીવોના વિનાશ માટે અનેક વખત જિનવાણીમાં શ્રવણગત થયેલું હોવા છતાં તેને માટે આંખ આડા કાન કરી બીજાઓને અશ્રદ્ધાવાનપણાનું ભાન કરાવે છે. એવી રીતે રસેંદ્રીના લોલુપપણાથી જીવ વિનાશની સીમા રાખતા નથી. આ અસાર સંસારમાંથી ઉંચા આવવા માટે-ભવભ્રમણ મટા-ડવા માટે જેમ બને તેમ રસેંદ્રીની આસક્તિ ઓછી કરી માત્ર દેહના નિ-ર્વાહ માટે પોતાના શરીરને અનુકૂળ પથ્ય ખોરાક લેવો એટલીજ જરૂર છતાં તે વાતને તદ્દન ભૂલી જઇ, ભક્ષાભક્ષના કે પેયાપેયના વિવેક રહિત થઇ રસેંદ્રીના વિષયમાં આસક્ત થઇ જાય છે તેઓ ખરેખરા અધન્ય છે. ધન્ય તો તે પુરૂષો છે કે જેઓ સત્ય વિવેકને સ્મરણમાં રાખી આ શરીરને માત્ર ભાડા તરિકે આહાર આપી તેનું સંરક્ષણ માત્ર કરે છે; પુષ્ટિ કરતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘ્રાણ ઇંદ્રીના વિષયમાં આસક્ત પ્રાણીઓની સંખ્યા સ્પર્શેંદ્રી રસેંદ્રીના આસક્ત મનુષ્યોના પ્રમાણમાં બહુ ઓછી મળી આવે છે, પરંતુ જેટલી સંખ્યા મળી આવે છે તેટલી માત્ર સહજના સુગંધ સુખને માટે પારાવાર પુષ્પાદિકનું ઉપમર્દન કરે છે. સુગંધી દ્રવ્ય અત્તર, ફુલેલ, સેન્ટ, પોમેટમ, લવેંડરાદિકમાં પૈસાના કાંકરા કરે છે અને પોતાને ભોગી ભ્રમરની ઉપમા લાગુ કરે છે, પણ ભ્રમરની પ્રાણવિનાશ દશા શાથી થાય છે તેને સંભારતા નથી તે શિવાય બાકીના મનુષ્યો પણ અશુચિ સ્થાનમાં દુર્ગંધ આવતી જોઇ નાક મરડે છે, મુખ આડું લુગડું રાખે છે પણ પોતાના શરીરમાં શું ભર્યું છે અને પોતાના શરીરના નવે દ્વારમાંથી નિરંતર કેવો પદાર્થ વહ્યા કરે છે તેનું સ્મરણ કરતા નથી તેમજ એવા અશુચિ શરીરવાળી સ્ત્રીઓના સેવનમાં તત્પર થતાં દુર્ગંધી પદાર્થ ખરેખરો શું છે તેને તો ભૂલીજ જાય છે. આ બધી ઘ્રાણેંદ્રીની આસક્તિવાળી સ્થિતિ છે તેથી ઉત્તમ મનુષ્યોએ તો જેના વિના સુખે સુખે નિર્વાહ થઇ શકે તેમ છે એવા ઘ્રાણેંદ્રીના વિષયથી વિરક્ત થઇ સ્ત્રી આદિકના શરીરનેજ અશુચિ ભાવનાનો વિષય કરી જે પ્રકારે સંસારવૃદ્ધિ ન થાય તેમ પ્રવર્તવું જોઇએ.

ચક્ષુ ઇંદ્રીના વિષયે તો જગત્ બધાને પરાસ્ત કરેલું દૃષ્ટિએ પડે છે. નેઉરના ઝણકારા કરતી માર્ગમાં ચાલી જતી રૂપલાવણ્યવતી લલના કોની દૃષ્ટિનું આકર્ષણ કરતી નથી તે શોધી કાઢવું મુસ્કેલ પડે છે અર્થાત્ એવે પ્રસંગે તેનાપર દૃષ્ટિ તેનાપર ફેંકી તેના શારીરિક અવયવોનું, તેના વસ્ત્રાભૂષણોનું અને તેની મનોહર લાગતી ચાલનું નિરીક્ષણ નહીં કરનારા પ્રાણીઓ જવલેજ નજરે પડે છે. અનેક મનુષ્યો એવે પ્રસંગે પોતાની વિષયરૂપ વિષે ભરેલી દૃષ્ટિ તેનાપર વારંવાર ફેંકી તેમાંથી પણ વિષનુંજ આકર્ષણ કરે છે અને વધારે વિષમગ્ન બને છે. એમ વારંવારની ટેવ પડવાથી પછી કોના સામી દૃષ્ટિ કરવી કે કોના અંગોપાંગને નિરખવા તેના વિવેકને ભૂલી જઇ પોતાના અંગત સંબંધવાળી સ્ત્રીઓ કે જેના સામું વિષયવાળી દૃષ્ટિએ જોવાનું લૌકિકમાં પણ વર્જ્ય ગણાય છે તેના સામું જુએ છે; વિદ્યાગુરૂની સ્ત્રી, શેઠની સ્ત્રી, રાજાની રાણી કે મિત્રની સ્ત્રી જેના; સામું પૂજ્યબુદ્ધિજ ધરાવવી જોઇએ તેના સામું પણ વિષયબુદ્ધિવાળી દૃષ્ટિથીજ જુએ છે; જેને માટે પોતાના આત્માનીજ સાક્ષી બસ થાય તેમ છે. સ્ત્રી ચક્ષુઇંદ્રીના પ્રબળ વિષયનું કારણ હોવાથી તેને મુખ્યપણે બતાવવામાં આવી છે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિવાય અન્યત્ર પણ ચક્ષુઇંદ્રીનો વિષય અનેક કારણોમાં પ્રવર્તે છે. માત્ર જોવાની અભિલાષાથી અનેક મકાનો, અનેક જળાશયો, અનેક દેશો અને અનેક મહેલો માંહેના ફર્નીચરો જોવા જાય છે અને જોવાના આવેશમાં ને આવેશમાં અનેક પ્રકારના અનર્થ દંડ લગાડી, નિષ્કારણ પ્રશંસા કરી, બીજાઓને તેવા આરંભમાં પ્રવર્તવાની પ્રેરણા કરે છે; આ પણ ચક્ષુઇંદ્રીના પરવશપણાનું પરિણામ છે. નાટક ચેટક, ખેલ, તમાસા, ભાંડ ભવાઇ, ગાયનના જલસા ઇત્યાદિ પ્રસંગોમાં ચક્ષુઇંદ્રીની આસક્તિવડે ગમનાગમન કરે છે અને ચક્ષુઇંદ્રી દ્વારા વિષયરૂપ વિષની વૃદ્ધિ થવાથી મિથ્યાત્વ પુષ્ટ થવાને લીધે કર્મબંધના પ્રબળ હેતુભૂત નાટકાદિકને પણ શિખામણના કારણભૂત કહી લોકોને અવળે માર્ગે દોરવામાં આગેવાન થાય છે. ઇત્યાદિ અનેક પ્રકાર ચક્ષુઇંદ્રિયની આસક્તિ સૂચવનારા છે. જે મનુષ્યો કૃત્યાકૃત્યનો વિવેક ભૂલી જઇ તેમાં મગ્ન થઇ જાય છે તેઓ ખરેખરા અધન્ય છે અને જેઓ પોતાના આત્મિકહિતને સ્મરણમાં લાવી ઇંદ્રીઓના વિષયપરની આસક્તિની પ્રબળતાને તજી દઇ ચક્ષુઇંદ્રીને માત્ર સજ્જના કાર્યમાં પ્રવર્તાવે છે ઉપરાંત તેના વડે ઉત્તમ પુરૂષોના—મહાત્માઓના દર્શન કરવા રૂપ કાર્યને સિદ્ધ કરે છે તેઓ ખરેખરા ધન્ય અને કૃતાર્થ છે.

છેલ્લી પાંચમી ઇંદ્રી શ્રવણેંદ્રી છે. એની આસક્તિવાળા પણ ઘ્રાણેંદ્રીની માફક ઓછી સંખ્યામાં દૃષ્ટિએ પડે છે, પરંતુ શ્રવણપડે સંભળાતા પ્રિય અપ્રિય શબ્દોમાં સમાન પરિણામવાળા મનુષ્યો કવચિતજ દૃષ્ટિએ પડે છે. શ્રવણેંદ્રીના વિષયમાં આસક્ત થઇ વેશ્યાઓ વિગેરેના ગાયનો સાંભળવા જનારા પ્રથમતો માત્ર શ્રવણેંદ્રીના વિષયનેજ સ્વીકારે છે પરંતુ પરિણામે તેના મોહમાં ફસી જઇ પાયમાલ થઇ જાય છે. એવી રીતે પાયમાલ થયેલા અનેક મનુષ્યો નજરે પણ પડે છે. બીજા મુગ્ધજનોને એવા પાપી પ્રાણીઓ માત્ર ગાયન સાંભળવા માટે આકર્ષણ કરી ખેંચી જાય છે પરંતુ તેઓ પણ પરિણામે તેના જેવી દશાનેજ પામે છે. ગાયનના જલસા વિવાહાદિ પ્રસંગે કરાવીને મોટા શેહેરોમાં તેમજ મારવાડ મેવાડ વિગેરેમાં હજારો રૂપીઆના કાંકરા કરે છે એટલુંજ નહીં પણ અનેક જીવોને દુર્ગતિએ જવાના કારણો શોધી આપી—મેળવી દઇ તેમના દલાલરૂપ થઇ દુર્ગતિએ જતાં તેનો સંગાત કરનારા થાય છે. શ્રોતેંદ્રીના વિષયમાં ગાયન શ્રવણાદિ પ્રબળ અનુષ્ઠાન છે પરંતુ પ્રિય અપ્રિય જે શબ્દો કાને પડે તે ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષને આધીન થઇ જઇ ક્રોધાદિકને ભક્ષ આપવું તે પણ કેટલેક દરજ્જે આ ઇંદ્રિયના વિષયની આસક્તિનુંજ પરિણામ છે. પ્રથમતો પ્રિય કે અપ્રિય જે શબ્દો કર્ણવિવરમાં પડે તેનાપર સમભાવે વિચાર કરવો જોઇએ અને પછી રોષતોષ પ્રદર્શિત કરવાની આવશ્યકતા જણાય તો આત્માને પોતાના સ્વભાવમાં સ્થિત રાખી માત્ર ઉપરથી રોષ તોષાદિ બતાવવા જોઇએ જેથી આત્મા કલુષિત ન થાય અને કર્મનો બોજો ન વધે. વળી કોઇના અપવાદની—દોષારોપણની ગુહ્ય વાત શ્રવણગત થાય તો તેને હૃદયમાં એટલી બધી ઉંડી ઉતારી દેવી જોઇએ કે જે શોધી પણ ન જડે, પરંતુ પામરજનોની જેમ એવી દશા ધારણ ન કરવી જોઇએ કે સાંભળેલી વાતમાં ટકા ચડાવીં તરતજ મિષ્ટરસનું આસ્વાદન કરતો હોય તેમ રસિકપણે બીજાઓની પાસે તેને પ્રકાશિત કરી દેવામાં આવે. આ દશા માર્જારની છે કે જેના પેટમાં ક્ષીર ટકતું નથી; ઉત્તમજનો તો એવા ગંભીર હોય છે કે તેના હૃદયનો કોઇ પારજ પામી શકે નહીં અને કોઇના અપવાદવાળી હકીકત પોતાની ખાત્રીવાળી હોય તોપણ તે બોલવાને માટે જન્મથી મૂકની જેવા તેઓ મુંગા હોય છે. પારકા છતા અથવા અછતા અપવાદ સાંભળી તેનાપર વિચાર કરવો અને તે કહેવાથી સામા માણસને હાનિકારક થશે એવી શંકા રાખ્યા શિવાય બીજા પાસે પ્રકાશિત કરવા એ સજ્જનનું લક્ષણજ નથી. આ શ્રવણેંદ્રિયનો પ્રાસંગિક વિષય છે. સારાંશ એ છે કે—જીભને જેમ સારા સારા સ્વાદ ચખાડી તૃપ્ત કરવાની ધારણા પરિણામે નિષ્ફળ જાય છે તેમ શ્રવણેંદ્રીને પણ મનોજ્ઞ શબ્દોનું શ્રવણ કરાવી તૃપ્ત કરવાની ધારણા નિષ્ફળજ જવાની છે એમ માની ઉત્તમ પ્રાણીઓએ તેવા પ્રકારનો પ્રયત્ન છોડી દેવો અને સહેજે કર્ણમાં આવી પડતા શબ્દોનું સહજ-બુદ્ધિએજ ગ્રહણ કરી તેના વિકારને અનુભવવો નહીં. જેઓ એવી વૃત્તિ ધરાવે છે તેઓ ખરેખરા ધન્ય છે. તેઓ તો મહાન્ પુરૂષોના ગુણાનુવાદ સંભળાવી સંભળાવીને શ્રવણેંદ્રીને એવી તૃપ્ત કરી નાંખે છે કે જેથી પારકા અવર્ણવાદ શ્રવણ કરવાની રૂચિ પણ તેને ઉદ્દભવતી નથી; તે સાથે શૃંગારીક શબ્દોનું કે તેવા ગાયનાદિકનું શ્રવણ તો તેને વિષપાન જેવું લાગે છે. જેઓ આવી વૃત્તિથી વિપરીત વર્તન ધરાવનારા છે તેઓ ખરેખરા અધન્ય અને અકૃતાર્થ છે.

ઉપર પ્રમાણે પાંચે ઇંદ્રીઓના વિષય સંબધી વિવરણને લક્ષમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહને ભવભીરૂ પ્રાણીઓએ અણરાગી અથવા દ્વેષી કે અહિત કરનારા પ્રાણી તરફ જેવી વિરક્તવૃત્તિ ધરાવવામાં આવે છે તેવી પાંચે ઇંદ્રીઓના વિષય તરફ પણ વિરક્તતા ધરાવવી અને જે પ્રકારે આ દુઃખથી ભરેલા સંસાર સમુદ્રમાં વિશેષ પરિભ્રમણ કરવું ન પડે. સહેલાઇએ-જલ્દીથી પાર પામી શકાય તેવી આચરણા આચરવી કે જેથી આ અમૂલ્ય મનુષ્ય જન્મની સાફલ્યતા થાય.

ઇંદ્રીઓના વિષયની જેવું અથવા તેથી પ્રબળ સંસાર ભ્રમણનું કારણ કષાયની પરવશતા છે. અનેક પ્રાણીઓ તેના પરવશપણાથી ચારે ગતિમાં પરિભ્રમણ કરી દરેક ભવમાં અસહ્ય-અકથ્ય-દુઃખોને સહન કરે છે તેથી હવે પછી તેનું કાંઇક વિવરણ આપવામાં આવશે અને આ વિષયની પૂર્ત્તિ પણ ત્યારેજ ગણવામાં આવશે પરંતુ આ ઉપર કહેલા વિવરણને વાંચી દરેક વાંચક બંધુઓ જો તેનું મનન કરશે તો જરૂર તેમનું ચિત્ત થોડેઘણે અંશે પણ ઇંદ્રીઓના વિષયની આસક્તિથી વિરામ પામશે, વાસ્તે તેને માટે પ્રાંતે પણ આ લેખકની વિજ્ઞપ્તિ છે.

---

# श्रावक तरीके ओळखाता जैनोनी अमल करवा योग्य फरजो.

## યા શ્રાવક ધર્મનું ધોરણ.

### (પાપસ્થાન પરિવર્જન)

સર્વ પાપપંકને પખાળીને કર્મ સંબંધથી અનાદિ મલીન આત્માને નિર્મળ કરવા પરમ પવિત્ર પરમાત્મ (કરૂણાળુ) પ્રભુએ પાપનું સ્વરૂપ યથાર્થ સમજી તેનો જેમ બને તેમ સાવધાન થઇ ત્યાગ કરવા ફરમાવ્યું છે. તે પાપ મલીન અધ્યવસાય જનિત હોવાથી અસંખ્ય જાતિનું છતાં જ્ઞાની પુરૂષોએ સ્થૂલ બુદ્ધિને સમજવા માટે તેનો ૧૮ પાપસ્થાનમાં સમાવેશ કરી જણાવ્યો છે. તે ૧૮ પાપસ્થાનના નામ આપણે પ્રાયઃ પ્રતિદિન મુખથી ઉચ્ચરતા યાવત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના મિચ્છામીદુક્કડં દેતા છતાં તેનું યથાર્થ સ્વરૂપ સમજવામાં આપણે બેદરકાર રહ્યા છીએ અને તેથી આપણું તેનું બોલવું પોપટના રામ જેવું કે કુંભારના મિચ્છાદુક્કડ જેવું થાય તેમાં કંઇ નવાઇ જેવું નથી. આપણું બોલવું સાર્થક થાય આપણે તે તે પાપના બોજાથી મુક્ત થઇએ તેમ તે તે પાપસ્થાનો બરાબર સમજી લક્ષ્યમાં રાખી સાવધાન થઇ તેનો સચોટ ત્યાગ કરવાની જરૂર છે.

(૧) પહેલે **પ્રાણાતિપાત:**—પાંચ ઇંદ્રિયો, મન વચન અને કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ એ દશ પ્રાણો કે તે દશ પ્રાણો માંહેના ગમે તેટલા પ્રાણોને ધારણ કરતા પ્રાણીઓ (એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંત) નો અતિપાત એટલે વિનાશ કરવો એટલે જાણતા કે અજાણતા પ્રમાદને પરવશ થઇ પ્રાણી વર્ગને પીડા ઉપજાવવી યાવત્ તેમનો ક્ષય કરવો તેનું નામ પ્રાણાતિપાત કહીએ. સર્વે પ્રાણી વર્ગના પ્રાણોને પોતાના પ્રાણો જેવા પ્યારા લેખી-માની તેમને બિલકુલ કિલામણા જે મહાત્માઓ કરતા નથી તે દમનશીલો પાપાશ્રવ (પાપનું દ્વાર) બંધ કરી પોતાના આત્માને મલીન કરતા નથી. કોઇ પણ પ્રાણીને પીડા કરવાનો આપણને હક્ક નથી. પોતપોતાને પ્રાપ્ત થયેલા પ્રાણોને ધારણ કરતા સર્વે જીવો સુખ માને છે-વાંછેછે. તેમના પ્રાપ્ત થયેલા પ્રાણોને અપહરી તેમને સુખનો અંતરાય કરવો યાવત્ તેમના પ્રાણ લેતાં જે પરમ અસમાધિ ઉપજાવવી તે તત્ત્વથી વિચારતાં પોતાના ભાવિ દુઃખનું મૂળ-કારણ છે.

(૨) બીજે **મૃષાવાદ**-મૃષા કહેતાં મિથ્યા વા અસત્ય અને વાદ એટલે વદવું તે અસત્ય બોલવું; મિથ્યા-વિના પ્રયોજન-અસંબદ્ધ ભાષણ કરવું, સ્વપરને હિત ન થાય તેવું અણવિચાર્યું અપ્રિય કટુક બોલવું તે મૃષાવાદ કહેવાય. કદાગ્રહવડે સત્ય-ધર્મ વિરૂદ્ધ ભાષણ કરી સ્વપક્ષ સ્થાપન કરવો તે મહા મૃષાવાદ સમજવું.

સાધુ વ્રત અંગીકાર કર્યા છતાં કદાગ્રહવડે જે આવું મહા અસત્ય બોલે છે-પ્રરૂપે છે તેને ભ્રષ્ટાચારી મહા મૃષાવાદી સમજવા. અસત્ય બોલવાથી ઘણા અવગુણ છે અને સત્ય, હિત ને મિત ભાષણ કરવામાં ઘણા ગુણો છે, છતાં **વસુરાજા**ની જેવા કેટલાક મૂઢ જીવો ખોટી દાક્ષિણ્યતામાં દોરવાઇ જઇ મિથ્યા લોકપ્રવાહમાં તણાઇ પોતાના આત્માને ભારે જોખમમાં ઉતારે છે તેમજ કેટલાક મહામતિમૂઢ માનવો તો કેવળ મિથ્યા માનના માર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું કહ્યું સાચું કરી દેખાડવા ખાતર મિથ્યા વાગ્જાળ રચી પોતેજ મહા કષ્ટમાં ઉતરે છે, એટલુંજ નહિં પણ બીજા મુગ્ધ મૃગલા જેવા ભોળા જનોને વાગાડંબરથી ભમાવી મહા સંકલેશમાં ઉતારે છે. કોઇક વિરલા નર રત્નોજ તટસ્થ વૃત્તિધારી શ્રી વીતરાગ સર્વજ્ઞ વચનને અનુસરી સ્ખલિત સાચવી શકે છે. તેવા દુર્ધર સત્યવ્રતને ધારણ કરનાર સત્ત્વવંત નરોના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે. તે ઉત્તમ આશયવંતો **શ્રી કાલીકાચાર્ય** મહારાજની પેરે સર્વત્ર સુખ યશવાદ પામે છે, દેવતાઓ પણ તેઓની હોંશે સેવા બજાવે છે; યાવત્ અનંત સુખ સંપત્તિને સ્વાધીન કરે છે. જે મહાશયો પ્રાણાંતે પણ અસત્ય વદતા નથી અને સત્ય માર્ગ તજતા નથી તેઓ અંતે અવસ્ય અક્ષય સુખ પામે છે. દુર્ધર સત્યવ્રત ધારણ કરવા ઇચ્છનાર સદાશયે નિરંતર ઉપદેશમાળાકાર **શ્રી ધર્મદાસગણિ** મહારાજે ઉપદેશ માળામાં કથેલી નીચેની ગાથા સરહસ્ય યાદ કરી રાખવી ઘટે છે.

**महुरं निउणं थोवं, कज्जावडिअं अगव्विअमतुच्छं;**
**पुव्विं मइसंकलिअं, भणिअं जं धम्मसंजुत्तं. १**

પરમાર્થ એ છે કે સત્ય–પ્રિય સત્પુરૂષે સત્યના લાભની ખાતર કંઇ પણ ભાષણ કરતાં આટલી સરતો ખાસ ખ્યાલમાં રાખવી જોઇએ. પ્રથમ તો જે વચન વદવું તે મિષ્ટ (સામાને ગમે તેવું મિઠાશવાળું) જ બોલવું પણ કટુક (સામાને ઉલટો ખેદ ઉપજાવે એવું કઠોર) ભાષણ ન કરવું. તે પણ ન્યાય યુક્તિથી સામાના દીલમાં ઉતરે–તેનો પરમાર્થ તેનાથી ગ્રહણ થઇ શકે તેવી ચતુરાઇથી ઉચ્ચરવું. તે પણ જોઇએ તેટલુંજ પ્રમાણોપેત પણ સામાને અંતે અભાવ કે અરૂચિ પેદા કરે તેટલું બધું હદ બહાર જલ્પવું નહિ. તે પણ પ્રસંગને અનુકૂલ અર્થાત્ ચાલતા વિષયને લાગુ પડતું પણ અતિપ્રસંગ વિષયાંતર થઇ ન જાય તેવું ઉપયોગ પૂર્વક બોલવું. અર્થાત્ ખાસ જરૂર જણાય તેટલુંજ મિત ભાષણ કરવું. તે પણ ગર્વ-અહંકાર રહિત યોગ્ય આદરથી પોતાની ફરજ વિચારીને બોલવું, પણ મદાંધ થઇને મદના તોરમાં જેમ આવે તેમ નહિં. તે પણ ભો મહાનુભાવ ! ભો દેવાનુપ્રિય! ભો ભદ્ર ! ઇત્યાદિક સામાના ચિત્તને સોહાવે તેવા સંબોધન પૂર્વક વદવું પણ જેમ તેમ તુંકારાદિક અથવા અનિષ્ટ સંબોધનથી નહિં. તેપણ પૂર્વે (બોલ્યા પહેલાં) પરિણામ વિચારીને એટલે આમ બોલવાથી પ્રાયઃ આવોજ પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશે એમ બુદ્ધિના બળથી વિચારીને વદવું પણ સહસા પાછળથી વિમાસવું પડે તેવું ન બોલવું. તેપણ પૂર્વાપર કોઇ પણ રીતે ધર્મને બાધક ન આવે કિંતુ વીતરાગ-વચન સાપેક્ષ હોવાથી એકાંત (નિશ્ચયથી) સદ્‌ગુણની પુષ્ટિજ કરે તેવુંજ વચન વિવેકવડે વિચારીનેજ વદવું કેમકે સાપેક્ષ (વીતરાગ વચનનું રહસ્ય વિચારી-લક્ષમાં રાખી) વદનારનેજ સદા સુખ છે. તેનો વ્યવહાર તેથી સાચો છે; અને વીતરાગ વચનનો અનાદર કરી નિરપેક્ષપણે (સ્વચ્છંદતાથી) વર્તનાર અર્થાત્ આપ મતે બોલનાર અને ચાલનારનો વ્યવહાર ખોટો હોવાથી તેને સર્વતઃ હાનિ છે. આપ્ત (સર્વજ્ઞ-કેવલી) ના વચનને યથાર્થ અનુસર્યા વિના કદાપિ કોઇ પણ જીવનું કલ્યાણ થયું નથી તેમજ થવાનું નથી. એમ સમજીને સહૃદય સજ્જનો સદા તેનેજ અક્ષરશઃ અનુસરતા સાવધાનતા ધારે છે; એક ક્ષણ પણ પ્રમાદ સેવતા નથી. કદાચ તદ્રૂત્ આચરી શકતા નથી અર્થાત્ આપ્ત ઉપદિષ્ટ માર્ગનો યથાર્થ અમલ કરી શકતા નથી તોપણ તે માર્ગની દૃઢ શ્રદ્ધા સાથે શુદ્ધ પ્રરૂપણા કરવા ચૂકતા નથી. પ્રમાદ પરવશ પ્રાણીને આ પંચમ કાળમાં શુદ્ધ પ્રરૂપણા પ્રાણાંત સુધી કરવી એ ઓછું દુષ્કર કામ નથી. કેમકે તેમ કરતાં અર્થાત્ વસ્તુ સ્વરૂપ યથાર્થ પ્રકાશતાં સ્વદોષો સ્વાભાવિક રીતે સહૃદય શ્રોતાજનોને પ્રગટપણે સમજાઇ જાય છે, છતાં દુર્ધર માનનું મર્દન કરી આવી વિશુદ્ધ પ્રરૂપણા કરવી તે કંઇ સહજ (નાની સૂની) વાત નથી. આનું નામ સંવિજ્ઞ પક્ષીપણું કહેવાય છે. તેને ધારણ કરનાર વર્ગ શુદ્ધ સંવિજ્ઞ (યતિ) ધર્મને સેવનારા શુદ્ધાશયોનો બહુ રાગી હોય છે. શાસ્ત્રકારે મોક્ષના ત્રણ માર્ગ કહ્યા છે, તેમાં પહેલો શુદ્ધ યતિ માર્ગ, બીજો શુદ્ધ શ્રાવક માર્ગ અને ત્રીજો સંવિજ્ઞ પક્ષી માર્ગ. ઉપર બતાવેલા મૃષાવાદથી તે ત્રણે વર્ગવાળા અસંત બીધેલા હોય છે. આપણા સર્વના હૃદયમાં તે પવિત્ર સત્યવ્રત સદાને માટે વસો! અને મહા દુષ્ટ મૃષાવાદ નામે મહા દોષ આપણ સર્વથી નિરંતર દૂર રહો.

(૩) ત્રીજું **અદત્તાદાન**—અદત્ત એટલે નહિ દીધેલાનું, આદાન એટલે ગ્રહણ કરવું તે-ખોટા ઇરાદાથી પરાઇ વસ્તુનું ઉચાપત કરવું તે ત્રીજું પાપસ્થાનક ગણાય છે. ચોરી જાતે કરવી, કરનારને સહાય આપવી કે ચોરાઉ વસ્તુ વેહોરવી યા સંઘરવી, કૂડાં માનમાપાં કરી, સારી નરસી વસ્તુનો ભેળ સંભેળ કરી પરને ઠગવા, વિશ્વાસઘાત કરવો, દાણચોરી કરવી વિગેરે એ પાપસ્થાનકમાં સમજવું. ચોરીનો માલ છીંકે ચડે નહિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોર જાણીને બેસે નહિ, અહોનિશ ભયાતુર રહે, રાજ્યદંડાદિક અનેક દોષો પ્રગટે અને પરભવમાં ગધેડાદિકના નીચ અવતાર પામી પારકું દેણું વાળવું પડે; માટે સુશ્રાવક સદા તેથી ડરતો ચાલે, રાજાદિક સર્વ તેની પ્રતીતિ કરે, વ્યવહારમાં સ્ખલના ન પામે, બીજા પણ તેને દેખી ધર્મ પામે અને પરભવમાં પ્રાયઃ મહર્દ્ધિક દેવ તરિકે ઉત્પન્ન થાય.

(૪) ચોથે **મૈથુન**—મિથુનક્રિયા ( દેવ મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયક્રીડા કરવી તે ) ચોથું પાપસ્થાન છે. કિંપાકના ફળની પેરે પ્રથમ તો તે મિષ્ટ લાગે છે પણ પરિણામે વિરસ છે. યાવત્ પોતાના સત્ત્વશીલ પ્રાણને અપહરે છે. જગતમાં વિવેકવિકળ બની વારંવાર વગોવાય છે. લુબ્ધ, લંપટ અને નાદાનની પંક્તિમાં ગણાય છે. વિષયાદિકને પરવશ થઇ અંતે **રાવણની** જેમ ખુવાર થાય છે. તેનેજ વશ કરનાર શ્રી **રામચંદ્રની** પેરે જયશ્રી વરે છે, **સુદર્શન શેઠની** જેમ શાસન દીપાવે છે અને અવાંછિત ફળ મેળવી પરભવમાં પરમ સુખ મેળવે છે; માટે ઉક્ત પાપસ્થાન આદરથી તજી દેવું.

(૫) પાંચમે **પરિગ્રહ**—ધન ધાન્યાદિક વસ્તુઓ વિષે પરિ ( સમસ્ત પ્રકારે ) ગ્રહ ( આગ્રહ, મૂર્છા, મમત્વ ) તે પાંચમું પાપસ્થાન પરિણામે મહા અનર્થકારી છે. લક્ષ્મી આદિકમાં અપરિમિત લોભથી અનેક વખત મહા કષ્ટ વેઠવાં પડે છે. બહુ પાપ સેવી પૈસો મેળવી તેમાં અત્યંત મૂર્છા રાખી મરવાથી ફણિધર આદિકના અવતાર પામી પરને બહુ ત્રાસદાયક નીવડી અંતે અધોગતિ પામે છે; માટે અતિલોભ તજી અવશ્ય સંતોષ ભજવો, જેથી આ ભવ અને પરભવ સુધરી શકે.

(૬) છઠ્ઠે **ક્રોધ**—ક્રોધ ( ગુસ્સે થઇ પરને આક્રોશાદિ કરવા તે ) ને જ્ઞાનીઓએ કૃશાનુ એટલે અગ્નિ સમાન કહ્યો છે. જ્યાં તે પ્રગટે છે ત્યાં ગુણ સાફ કરી આગળ સામાને લાગી બાળે છે; પણ જો ઉપશમ જળનો જોગ મળે તો આગળ વધી બીજા ( ઉપશમ-ક્ષમાવંત ) ને નુકશાન કરી શકતો નથી. અર્થાત્ ક્રોધને વારવાનો ખરો ઉપાયજ ઉપશમ ભાવ છે. કહ્યું છે કે

**ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત;**
**દયા વેલ મંડપ તળે, રહો લહો સુખ નિત્ત. ૧**
**દેત ખેદ વર્જિત ક્ષમા, ખેદ રહિત સુખરાજ;**
**ઇણમેં નહિ અચરિજ કીશો, કારણ સરિખો કાજ. ૨**

For Private And Personal Use Only

માટે શાંત સુખના અર્થી જીવે ખેદરહિત ક્ષમા ગુણ ધારી સ્વપરનો ઉપકાર કર્યા કરવો.

(૭) સાતમે **માન**—અહંકાર, અભિમાન, મદ આદિ તેના પર્યાયો છે. મોક્ષનગરે જતાં માનરૂપી મોટો પર્વત આડો આવે છે–નડે છે, નમ્રતા તેનો વજ્રની જેમ ભેદ કરી નાંખે છે. માનથી રાવણ દુર્યોધન જેવા પાયમાલ થયા; માન સર્વ ગુણોનો ભંજક છે, માટે માન મૂકી વિનયને ભજવો.

(૮) આઠમે **માયા**—દંભ, છળ, પ્રપંચ, કપટ વિગેરે તેના પર્યાયો છે. દંભી માણસો પોતાના દોષો ઢંકાવવા અને લોકમાં પોતાનો માન મરતબો વધારવા મથે છે; પણ અંતે 'દગો કોઈનો સગો નહિ', એ ન્યાયે પાપનો ઘડો ફૂટવાથી મોટા ધિક્કાર પામી વગોવાય છે, તેનો પછી કોઈ વિશ્વાસ કરતું નથી, તે કપટીની સર્વ ધર્મ ક્રિયા પણ નિષ્ફળ થાય છે, માટે વક્રતા તજી સરળતા ભજી મન શુદ્ધ કરવું. જ્યાં સુધી મનનો મેલ ધોયો નથી ત્યાં સુધી બહારનો સર્વ આડંબર ફોક છે, માટે માયા તજવી.

(૯) નવમે **લોભ**— અસંતોષ, તૃષ્ણાદિ તેના પર્યાયો છે. સર્વ અનર્થોનું મૂળ લોભ છે. કહ્યું છે કે

**આગાર સબહી દોષકો, ગુણ ધનકો બડ ચોર;**
**વ્યસન વેલીકો કંદ હૈ, લોભ પાસ ચિહું ઓર. ૧**
**લોભ મેઘ ઉન્નત ભયે, પાપ પંક બહુ હોત;**
**ધર્મ હંસ રતિ નહુ લહે, રહે ન જ્ઞાન ઉદ્યોત. ૨**
**કોઉ સયંભૂ રમણકો, જો નર પાવે પાર;**
**સોભી લોભ સમુદ્રકો, લહે ન મધ્ય પ્રચાર. ૩**

છતાં તેનો પાર પામવાનો ખરો ઉપાય એક સંતોષજ છે. જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભીનો લોભ પણ વધતો જાય છે; જો આકાશનો અંત આવે તો તેની ઇચ્છાનો અંત આવે. અર્થાત્ આકાશની પેરે ઇચ્છા અનંતી હોવાથી લોભીની તૃષ્ણાનો પાર આવતોજ નથી. તેને બહુ દુઃખ વેઠવું પડે છે. કહ્યું છે કે–न तृष्णा परोव्याधिः એટલે તૃષ્ણા શિવાય બીજો વ્યાધિ નથી. સર્વ સુખનું સાધન સંતોષ છે. યતઃ न तोषात् परमं सुखं અર્થાત્ સંતોષ શિવાય કોઈ મોટું સુખ નથી; માટે સાચા સુખના અર્થીઓ સંતોષનેજ સેવવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦) દશમે **રાગ**—( **रंजयत्यसौ रागः** ) આત્માનું શુદ્ધ સ્ફટિક જેવું સ્વરૂપ બદલી જેના વડે તે રંજિત થાય તે રાગ. રાગ મોહ રાજાનો મોટો પુત્ર ગણાય છે અને તેનું પરાક્રમ કેશરીસિંહ જેવું હોવાથી તે એકલો જગત્ માત્રનો પરાભવ કરી શકે છે. હું અને મારૂં—મમતારૂપી પાસમાં તે મુગ્ધ મૃગલાઓને પકડયાજ કરે છે. તેની સામે ટક્કર લેવી સહેલી નથી, તેથી વિવેક શિખરપર ચડી અપ્રમત્ત પુરૂષવરોજ તેની સામે ટકી શકે છે, તો પણ જેમ જેમ મોહ-મમતાને તજી ધર્મ મહારાજાનું શિક્ષણ લેવાય છે તેમ તેમ રાગાદિક દુશ્મનો પાતળા પડી અંતે પોબારા ભણી જાય છે.

(૧૧) અગિયારમે **દ્વેષ**—આ પણ મોહનોજ પુત્ર અને રાગનો સગો બાઇ છે. જ્યાં રાગ ત્યાં દ્વેષ હોયજ છે. શુદ્ધ સ્ફટિકપર મૂકેલા કાળા ફુલનીપેરે તે આત્માના શુદ્ધ સ્વભાવને બદલાવી મહા અશુભ મલિન-શ્યામ કરી નાંખે છે. દ્વેષના જયનો ઉપાય રાગના જેવોજ છે.

(૧૨) બારમે **કલહ**—કલેશ, કલહ, વઢવાડ સર્વ એકાર્થ છે. કલહ સર્વે અલક્ષ્મી-દારિદ્રનું કારણ છે. સુખ સંપત્તિને ઇચ્છનારે કલેશ-કજીઆને જડમૂળથી કાઢી શાંતિ ભજવી.

(૧૩) તેરમે **અભ્યાખ્યાન**—અભિ-આખ્યાન એટલે ખોટા આરોપ મૂકવો; કોઇનાપર ખોટું તહોમત મૂકવું, કોઇને ખોટા કલંકથી દોષિત કરવું એ મહા દુષ્ટ સ્વભાવ સમજવો. જ્ઞાની પુરૂષો એવાને કર્મચંડાલ કહે છે. જાતિચંડાલ કરતાં પણ કર્મચંડાલ મહા પાપી છે; કેમકે તે દુષ્ટ ગુણી ધર્મી જનોની પણ ખણખોદ કર્યા કરે છે. યાવત્ મહાધર્મીષ્ટ જનોને પણ ગોર સંકટમાં ઉતારી પોતે તમાસો જુએ છે. આવા નીચ લોકોનું નામ લેતાં મુખ જોતાં પણ પાપનો પ્રસંગ આવે એમ જ્ઞાની પુરૂષો શાસ્ત્રમાં બોલે છે એમ સમજી શાણા જનોએ કદાપિ એવી કુટેવ પાડવી નહિ; પડી હોય તો તરત તજવી.

(૧૪) ચૌદમે **પૈશુન્ય**—પિશુન એટલે ચાડીઓ તેનું કૃત્ય-ચાડી પૈશુન્ય કહેવાય છે. આ પાપકર્મ કરનાર પણ મહા દુષ્ટ સ્વભાવી ગણાય છે. અહોનિશ આવી કુટેવથી આર્તરૌદ્ર ધ્યાન ધરતો છતો મરીને મહા માઠી ગતિ પામે છે. 'બાળકોનું હસવું અને દેડકાનું ખસવું' એ કહેવત મુજબ ચાડીખોરોને તો કૌતુક થાય છે ત્યારે તેમાં કેટલાકના અતિ પ્રિય પ્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. પોતાને હાંસી થાય છે ત્યારે કેટલાકના અતિ કિંમતી જાનો ભારે જોખમમાં આવી પડે છે, વળી પોતાની ભૂલ જો અવસર પામી સુધારી લેવાતી નથી તો પોતાનાજ શસ્ત્ર પોતાને વાગે છે, અર્થાત્ પોતેજ તેથી મોટા કષ્ટમાં આવી પડે છે. અહા દુર્જન સ્વભાવતો જુઓ ! પોતાનું કંઇ પણ વળે નહિં છતાં પોતાને તથા પરને કેવા દુ:ખના ખાડામાં ઉતારે છે, અને આ ભવમાં અનેક આપદાઓ પામી દુર્ગતિને શરણ થાય છે. એમ સમજી વિવેક આણી સ્વપર દુ:ખદાયક ચાડી ખાવાની કુટેવ યત્નથી પરીહરવી.

(૧૫) પંદરમે **રતિ–અરતિ**—અનુકૂળ-મનગમતા પદાર્થો ઉપર રાગ ધરવો અને પ્રતિકૂળ-અણગમતા પદાર્થોપર ખેદ ધરવો. સમભાવ ધરવા યોગ્ય પદાર્થો વિષે આમ મમત્વવડે રાગદ્વેષ કરી મુંઝાઇ જવું એ સમભાવ વડે કરી પ્રાપ્ત કરવા યોગ્ય ઉત્તમ પ્રકારના સમ સુખમાં મહા અંતરાયભૂત અને મનની મલીનતા કરનાર મોટું પાપસ્થાનક છે અને તેથીજ વિચક્ષણ જનોએ આવા દરેક પ્રસંગે સમભાવે રહેવું ઘટે છે.

(૧૬) સોળમે **પર પરિવાદ**—પરનિંદા-અપકર્ષ અને આત્મશ્લાધા-આત્મોત્કર્ષ કરવા રૂપ આ પાપસ્થાન અતિઘોર છે. જેમ મૃષાવાદી પરને ખોટા આળ દેનાર, અને ચાડીખોર કર્મચંડાળ કહેવાય છે તેમ પરનિંદા કરી કેવળ ખોટી આપ બડાઇ કરનારો પણ ઉક્ત પંક્તિથી બહાર નથી. અર્થાત્ તે પણ કર્મચંડાળજ છે. જો કે સ્વમુખથી પરમળ લઇ પોતાના અંગને મલીન કરીને સામાને ઉજ્વળ કરનારા આવા દુર્જનો પણ સજ્જનોને તો એક રીતે ઉપગાર કર્તા થઇ પડે છે તોપણ તેના અતિ અનાર્ય આચરણથી ઘોરાતિ ઘોર નરક નિગોદાદિક દુ:ખના ભાગી થતા તેઓને દેખીને સજ્જનોનું કોમળ હૃદય કમકમે છે—કંપી ઉઠે છે. માટે આ અતિ અનિષ્ટ અનાર્ય ટેવ અવશ્ય ટાળી સજ્જનતાજ સદા સજવી. ભૂલેચૂકે પણ દુર્જનના દુષ્ટ રસ્તે દોરાવું નહિ. જો પોતાનું ભલું ઇચ્છતાજ હો તો ઉક્ત હિતશિક્ષા કદાપિ પણ વિસરશો નહિં; પણ ક્ષણે ક્ષણે સંભારીને ચાલશો.

(૧૭) સત્તરમે **માયા મૃષાવાદ**—એકતો માયા-કપટ અને બીજું મૃષા-અસત્યનું સાથે સેવવું-એટલે કહેવું કંઇ અને કરવું કંઇ. કુંભારવાળા મિચ્છામિ દુક્કડ જેવું આપમતિવડે અવળા ચાલ્યા છતાં પોતાની શાહુકારી જણાવવી, કેવળ દંભવૃત્તિ સેવતાં છતાં બહારથી અચ્છો ડોળ રાખવો બગવૃત્તિ ધારી જગતને ઠગવું. પોતે અનેક દોષદૂષિત છતાં જેમ લોકોના

For Private And Personal Use Only

જાણવામાં ન આવે એટલુંજ નહિં પણ પોતે મહા ગુણશાળી છે એમ લોક જાણે તેમ પ્રપંચથી વર્તી જેમ પોતાની પૂજા માનતા વધારે થાય તેમ વર્તતા કરે એકંદર મુક્તિ વર્તે તે સર્વે આ મહા પાપસ્થાનમાં અંતર્ભૂત થાય છે. શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કહે છે કે "એનો ત્રિગુણે વર્ણાય વધાર્યું, એનો શલ્યને આળખું ધાર્યું, એનો વાધનું બાળ વધાર્યું હોલાલ માયામોસ૦" બરાબર વિચારી જોતાં માલુમ પડશે કે આ સતરમું પાપસ્થાન સર્વથી ભારે છે, એમ જાણી સજ્જનોએ એનાથી વધારે ડરતા રહેવાની જરૂર છે.

(૧૮) અઢારમે **મિથ્યાત્વ શલ્ય**—મિથ્યાત્વ કહીએ વિપરીત દૃષ્ટિ તે શલ્યની પેરે એક ભવમાં નહિં પણ અનેક ભવોમાં સાલવે કરી મિથ્યાત્વ શલ્ય કહેવાય છે. આભિગ્રહિક, અનાભિગ્રહિક, અનાભોગિક, સાંશયિક અને આભિનિવેશિક ભેદે કરી મિથ્યાત્વ પાંચ પ્રકારનું કહ્યું છે. અભિગ્રહ એટલે ભારે આગ્રહ: પોતાના પ્રચલિત પંથનો, કેવળ પોતાના સાંપ્રદાયિક શાસ્ત્રોને આધારે મધ્યસ્થપણે શુદ્ધ ધર્મ રહસ્ય જાણ્યા વિના તથા વિવેક પૂર્વક સુવર્ણ યા રત્નની પરીક્ષાની જેમ તેની પરીક્ષા કર્યા વિના, એમના એમ મિથ્યા આગ્રહથી વળગી રહેવું. કોઇ પરોપકારશીલ મહાત્મા શુદ્ધધર્મ રહસ્ય સમ્યગ્ સમજાવે તોપણ સમજી બુઝી શકે નહિં તેમજ પોતાનો આગ્રહ તજે નહિં તેવા મિથ્યા આગ્રહથી સ્વમતને વળગી રહેવું તે **આભિગ્રહિક** ભેદ પહેલો. જે તથાપ્રકારના સાંપ્રદાયિક શાસ્ત્રાદિકના આગ્રહવિના તેમજ તત્ત્વ વિવેકની ખામીથી સર્વે ધર્મોને, સર્વે દેવોને તેમજ સર્વે કહેવાતા ગુરૂઓને સરખા લેખે તે ખરા ખોટાને આગ્રહવિના એક સરખા લેખવે કરી **અનભિગ્રહિક** મિથ્યાત્વ નામે બીજો ભેદ જાણવો. જેને લગારે કોઇ પણ પ્રકારે વિશિષ્ટ આભોગ-ઉપયોગ નથી જાગ્યો અને એમ ઉપયોગ શૂન્યપણે અનાદિ કર્મ સંબંધે નિગોદાદિક જીવોનું જે વર્તવું તે **અનાભોગિક** ભેદ ત્રીજો. ત્રિકાળવેદી શ્રી સર્વજ્ઞપ્રભુના પરમ પ્રમાણિક વચનોવિષે સર્વથી કે દેશથી ( મોટી યા નાની ) શંકા ધારવી તે **સાંશયિક** મિથ્યાત્વ નામે ચતુર્થભેદ. પરમજ્ઞાની પરમાત્માનાં વચનો સર્વથા સાચેસાચાં છે એમ પ્રથમ જાણતાં છતાં ગોશાળાનીપેરે કેવળ સ્વમત કંદ વાલવા માટે કદાગ્રહવડે સત્ય વાત કુયુક્તિ-કુતર્કવડે ઉત્થાપવા અને સ્વકપોલ કલ્પિત મત સ્થાપવા પ્રયત્ન કરવો તે **આભિનિવેશિક** નામે મિથ્યાત્વનો પાંચમો ભેદ જાણવો. આ

ભોગમો પ્રકાર તેના પ્રાણીઓને પરમ દુઃખપાત્ર કરે છે. માટે કદાપિ સાચું જાણ્યા છતાં કદાગ્રહાદિ કારણ તાણીને તેને ખોટું પાડવા બુદ્ધિવંતે મહા અનર્થકારી પ્રયત્ન સેવવો નહિ. અન્ય પણ મિથ્યાત્વના પ્રકારો પાપબુદ્ધિ હેતુક હોવાથી આત્માર્થી જનોએ અવશ્ય પરિહરવા ઘટે છે.

ઉક્ત ૧૮ પાપસ્થાનકો સંક્ષેપથી કહ્યા. જો કે દોષો પણ ગુણોની પેરે અનંત છે; તથાપિ જેમ સર્વ ગુણોનો ૧૪ ગુણસ્થાનકોમાં સ્થૂલ બુદ્ધિવાળાને સમજવા માટે જ્ઞાની પુરૂષોએ સમાવેશ કર્યો છે તેમ સર્વ પાપ-દોષો આમાં પણ સમજી લેવું. સોનાની ખાણમાંથી ખોદી કઢાતી માટીની પેરે આત્મા અનાદિ દુષિતજ છે છતાં જેમ અગ્નિ આદિક ઉપાયો વડે અનાદિ મળ દૂર કરી તેમાંથી શુદ્ધ કાંચન કાઢી મેળવી શકાય છે તેમ અનાદિ કર્મ સંબંધથી દુષિત એવો આત્મા પણ સર્વજ્ઞ કથિત તપ સંયમાદિક સદુપાયો વડે શુદ્ધ થઈ શકે છે. યાવત્ સંપૂર્ણ સંયમાદિક સાધનોના બળે પરમ વિશુદ્ધ થઈ પોતેજ પરમાત્મ પદ પ્રાપ્ત કરી શકે છે. જેમ જેમ અનાદિ દૂષણો યત્નવડે હઠતા જાય છે તેમ તેમ આત્મ-ગુણો પ્રગટ થતા જાય છે, અને જ્યારે સંપૂર્ણ દોષો પૂર્ણ પ્રયત્ન વડે હઠાવાય છે ત્યારે આત્માના સંપૂર્ણ ગુણો પ્રગટ થાય છે. તેજ પરમાત્મ યા સિદ્ધ દશા છે; અને તેનેજ માટે આપણને પ્રયત્ન કરવાની પૂરી જરૂર છે. જો કે પરમાત્મ દશા યોગ્ય સર્વ ગુણો સત્તામાં અનાદિનાજ છે. પરંતુ તેઓ કર્મ દોષોવડે ઢંકાઇ ગયેલા છે, તેમનેજ હવે વિવેકવડે પ્રગટ કરી લેવાના છે. ખરી રીતે જોઇએ તો પોતાનાજ આત્મ-મંદિરમાં અમાપ ગુણ-નિધાન દાટેલો છે છતાં બે સમજ-અવિવેકથી અન્યત્ર શોધવા જવાય છે. અથવા કેવળ મુગ્ધતા-અણસમજથી કસ્તુરીયા મૃગની પેરે વસ્તુ પોતાની પાસે છતાં ચોતરફ તેને માટે ફાંફાં મરાય છે. કોઇ પરોપકારી જ્ઞાની તેની કુંચી આપણને બતાવે તોપણ અસ્થિર વૃત્તિથી તે સમજી શકાતી નથી; તેથી ચતુર્ગતિ રૂપ સંસાર અટવીમાં દિગ્મૂઢની જેમ આપણે ભટકયા કરીએ છીએ. જો આ પાપનું સ્વરૂપ યથાર્થ સમજી તેથી નિવર્તવા પ્રયત્ન કરીએ તો અવશ્ય અંતે સંસાર અટવી ઉલ્લંઘી ક્ષેમકુશળ મોક્ષ નગરે પહોંચી શકીએ.

અહા ! જ્યાં સુધી આપણે અવિવેકપણે આ અઢારે પાપસ્થાનો સેવતા અટકશું નહિ ત્યાં સુધી દોષ રૂપી મહાન્ વિષવૃક્ષ કાયમ નવ પલ્લવ (લીલું) રહેવાનું. કારણ કે મિથ્યાત્વ શલ્ય તેના અવન્ધ્ય બીજભૂત છે. રાગ અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

હોય તેના પુષ્ટિકારક જીવન (જળ) સમાન છે. ક્રોધ, માન, માયા અને લોભ રૂપ ચારે કષાયો તેના અતિ ઊંડા અને ચોતરફ મજબૂત વિસ્તરેલા મૂળ સમાન છે. પ્રાણાતિપાત તેના સ્કંધ (થડ) સમાન છે. મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ ચારે તેનીજ ચારે પાસે વિસ્તાર કરનારી ચાર વિશાળ શાખાઓ-ડાળા સમાન છે. કલહ રૂપી તેના કુંપળીઆ છે. અભ્યાખ્યાન, પૈશુન્ય અને પરપરિવાદ તેની વિસ્તરેલી પત્રાવલી છે. માયા મૃષાવાદ તેની માંજર છે અને રતિ અરતિ તેના વિવિધ (રંગ બેરંગી) વિપાક ફળો છે, જેનો રસ પરિણામે અતિ અનર્થકારી છે; માટે સાચા સુખના અર્થી જનોએ ઉત્તમ પરિણામ રૂપી તીક્ષ્ણ કુહાડાવડે આ દોષ-વિષવૃક્ષનું નિકંદન કરવા તત્પર રહેવું. જેમ જેમ તેની ઉપેક્ષા કરશું તેમ તેમ તે વૃદ્ધિગત થઈને તેની છાયા વડે આપણા આશ્રિત જનોને વધારે મૂર્છાગત કરી નાંખશે; માટે પ્રયત્નપર રહી તેનો શીઘ્ર અંત કરવો ઘટે છે. વળી ઉક્ત કામ કરવા ક્ષેત્રકાળ પણ અનુકૂળ છે. જેમ જેમ પ્રમાદ તજી પ્રયત્ન કરશું તેમ તેમ પાપ-પંક પખાળી અવશ્ય નિર્મળ થઈશું; એવી શ્રદ્ધા અને હિંમત ધરવી યોગ્ય છે. પાપ-પંક પખાળી સર્વથા નિષ્પાપ-નિર્મળ થવું જો કે અતિ દુષ્કર છે તોપણ પૂર્ણ શ્રદ્ધાવાન્ અને વિવેકી જનો પૂરતા પ્રયત્નથી તેમ કરી શકે છે. પૂર્વે અનંતા જનો એજ રીતે સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર અને તપના બળે પાપ-પંકને સર્વથા પખાળી નાંખી ચતુર્ગતિ રૂપ સંસારનો અંત કરી પંચમગતિ મોક્ષને વર્યા છે. આપણે પણ તે મહા પુરૂષોને પગલે ચાલી તેજ પ્રમાણે આપણો અનાદિ પાપ-પંક પખાળી નિર્મળ થવું ઘટે છે; અને તેને માટે પ્રથમ આપણને તે મહા પુરૂષોની પેરે પાપ-પંક પખાળવા સમતા-કુંડમાં સ્નાન કરવાની જરૂર છે. અપૂર્ણ.

મુનિ કર્પૂર વિજય.

# ललितांग कुमार.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૮ થી)

સજ્જન: મને તમે પૂર્ણ કહ્યો તે ઠીક, પણ ધર્મ શું અને અધર્મ શું તે કહો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારઃ સત્ય વચન બોલવું, ગુરૂની ભક્તિ કરવી, પ્રમાણિકપણે દ્રવ્ય સંપાદન કરવું, શક્તિ પ્રમાણે દાન આપવું, પ્રાણી માત્ર ઉપર દયા રાખવી અને ઇંદ્રિયનું દમન કરવું તે ધર્મ; તેથી વિપરીત કાર્ય જેવાં કે–અસત્ય ભાષણ, અપ્રમાણિકપણું, કૃપણતા, નિર્દયતા, અને પંચેંદ્રિયના ભોગમાં આસક્તિ તે અધર્મ. ધર્મ પ્રાણીને સુખ આપનાર છે અને અધર્મ દુઃખ આપનાર છે.

સજ્જનઃ એમ એકજ રીતે સમજવાનું નથી. કોઇ સમયે અધર્મ પણ સુખદાયી થાય છે. હમણા તો અધર્મીઓનોજ વખત છે. પ્રમાણિકપણું, સત્ય ભાષણ અને દાન વિગેરે દ્રવ્યસંચય કરવામાં પ્રતિકૂળતા કરનારા છે, અને સર્વ પ્રકારના સુખ આપનાર તો દ્રવ્ય છે; માટે ગમે તેમ કરી દ્રવ્ય મેળવવું તેમાં કાંઇ પણ અધર્મ નથી. જો તમે કહો છો તેમ હોય તો તમનેજ આવી આપત્તિ કેમ આવી?

કુમારઃ તારાં એ વચન સાંભળવા યોગ્ય નથી. અન્યાય–અધર્મથી કોઇ વખત જય–સુખ થાયજ નહીં. કોઇ વખત બાહ્ય રીતે અન્યાય–અધર્મથી જય થયો જણાતો હોય તો તે પૂર્વના પુણ્યનો પ્રભાવ જાણવો, કોઇને ધર્મ કરતાં જય–સુખ ન થાય અને દુઃખ થાય તો તે પૂર્વના દુષ્કર્મનો પ્રભાવ જાણવો. તેમાં પણ જય ન થયો અથવા દુઃખ થયું એ જગતની દૃષ્ટિએજ જણાય, પરંતુ તે ધર્મી પુરૂષના હૃદયમાં તો સુખ અને શાંતિજ હોય, દુઃખનો લવ માત્ર ન હોય; એટલુંજ નહીં પણ પરિણામે–છેવટે જગતની દૃષ્ટિએ પણ સુખ અને જય તે પુરૂષને મળતો જણાયા વિના ન રહે. કારણ કે શુદ્ધ ધર્મી પુરૂષને પરિણામે ધર્મનું ફળ મળ્યા વિના રહેજ નહીં.

એ સાંભળી સજ્જને કહ્યું, દેવ! આપણો આ સઘળો વિવાદ અટવીમાં રૂદન કર્યા બરાબર છે. અહીં આપણી વાત કોઇ સાંભળનાર નથી માટે નજીકમાં જે ગામ આવે તે ગામમાં જઇ કોઇને પુછીએ અને તે કહે તે ખરૂં. તેમને પુછતાં તમારાથી વિરૂદ્ધ અને મારા કહેવા પ્રમાણે તેઓ કહેશે તો તમે શું કરશો?

કુમારે કહ્યું–' તેઓને પુછતાં જેમ તું કહે છે તેમ ઠરશે તો હું આ રાજ્ય વિગેરે તને આપી તારો ચાકર થઇને રહીશ.'

આવી સરત કરી બંને આગળ ચાલ્યા. કેટલેક દૂર ગયા ત્યાં કો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગામ આવ્યું. ગામમાં જઇ એક વૃદ્ધ માણસને પુછ્યું કે અમને ઘણા કાળથી સંદેહ છે કે ધર્મથી જય કે અધર્મથી જય ?

અહીં આપણે અર્વાચીન સમયનો-ચાલુ જમાનાનો વિચાર કરીએ. આજે આપણા વ્યાપારી મંડળમાં, સાધારણ માણસોના સમાજમાં અને અનુભવી તથા ડાહ્યા ગણાતા પુરૂષોમાં જઇ આવા પ્રશ્ન પુછશું તો શું ઉત્તર મળશે ? ઉત્તર એટલોજ મળશે કે "બાપ! વેપારમાં તો ખોટું બોલવું જોઇએ અને અપ્રમાણિકપણું પણ કરવું જોઇએ, સઘળા સિદ્ધના દીકરા થઇ બેસીએ તો વેપાર થાયજ નહિં. હમણા તો ભગત ભુખે મરે અને લોંડીઆ લાખોની મોજ માણે એવો વખત છે, ધર્મ અને પ્રમાણિકપણું ઉચ્ચારીને બેસી રહીએ તો ભુખે મરવાનો વખત આવે, જેવી રીતે જગત સર્વ ચાલતું હોય તેવીજ રીતે ચાલીએ તો સુખી થવાય. ગમે તેમ કરી જે દ્રવ્ય પેદા કરે તેજ ડાહ્યો કહેવાય; કારણ કે દ્રવ્યથી જે કરવું હોય તે થઇ શકે છે. બહુ ધર્મી થઇ જવામાં ઘરના માણસો ભુખે મરે અને લોકો મશ્કરી કરે; માટે ગમે તે પ્રકારે પૈસા મેળવવા." આવીજ રીતે તે વૃદ્ધ માણસ પણ એમજ બોલ્યો 'ભાઇ! હમણાં તો અધર્મથીજ જય દેખાય છે; ધર્મી ભુખે મરે છે અને અધર્મીઓ પૈસાદાર થઇ મોજ માણે છે.'

તે સાંભળી તેઓ ગામની બહાર નીકળ્યા. પેલો દુષ્ટાત્મા સજ્જન હાંસી કરી બોલ્યો કે-સત્યવાદિ! હવે ઘોડો આપી દો અને મારા ચાકર થઇને રહો.

હું જે બોલ્યો છું તે મારે પાળવુંજ જોઇએ એમ વિચારી તરતજ પોતાનો અશ્વ વિગેરે સર્વ તેને આપી દીધું અને પોતે ચાકરની પેઠે તેની સાથે પગે ચાલવા લાગ્યો. ઉત્તમ પુરૂષો-પુણ્યાત્માઓ પોતાનું વચન પાળવાને દૃઢ સંકલ્પવાળા હોય છે. તેઓનો સ્વભાવજ કોઇ અવર્ણનીય ઉચ્ચ પ્રકારનો હોય છે. તેઓ રાજ્ય, લક્ષ્મી, વૈભવ કે પ્રાણને પણ પોતાના વચનથી અધિક માનતા નથી, પોતાના વચનની ખાતર એ સઘળાનો તેઓ ભોગ આપે છે. તે પણ કેવી રીતે! જરાએ દુઃખ માનીને નહીં પણ સંપૂર્ણ સુખ માનીને-એમ વર્તતાં તેઓના મનમાં જરાપણ સંકોચ થતો નથી-પણ પૂર્ણ આનંદ થાય છે; કારણ કે રાજ્ય, લક્ષ્મી, વૈભવ અને પ્રાણ એ સર્વને વિનસ્વર જાણી, સત્યતીની આગળ તેને તુચ્છ માને છે. ધન્ય છે એવા સત્યપ્રતિજ્ઞ પુરૂષને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે તે પાપાત્મા સજ્જન ઘોડે બેસી ઘોડો દોડાવવા લાગ્યો. કોઇ દિવસ જેણે પાદસંચાર કરેલો નહીં એવો કુમાર તેની સાથે દોડતાં પાછળ રહેવા લાગ્યો. તેમ તેમ તે તેની મશ્કરી કરી કહેવા લાગ્યો-' ધર્મના પક્ષપાતનું ફળ તો પામ્યા, હવે કહો કે અધર્મથીજ જય છે; અને પછી આ અશ્વ વિગેરે મારૂં હો.'

કુમાર બોલ્યો રે દુર્મતિ! તું મને દુર્ગતિ શા માટે આપે છે. આ શરીર તો વિનાશી છે. માત્ર ધર્મ એજ સારભૂત અને શરણ્ય છે. એક અજ્ઞાન ગામડીઆએ એમ કહ્યું તો શું તેથી ધર્મનું મહાત્મ્ય જતું રહ્યું ? દ્રાક્ષ ઊંટને ન ગમે તેથી કાંઇ દ્રાક્ષનું માહાત્મ્ય જાય ?

સજ્જનઃ-કોઇ કદાગ્રહી માણસ ગધેડાનું પુંછડું પકડે તેને સર્વ માણસો કહે કે તું છોડીદે પણ તે મૂર્ખ ગધેડાની લાતો ખાધા કરે પણ પુંછડું મુકે નહીં, તમે પણ તેવાજ કદાગ્રહી છો. હજી પણ તમે કહેતા હો તો આપણે બીજા કોઇ ગામમાં જઇને પુછીએ. કદાચ ત્યાં પણ મારો વિચાર ખરો ઠરશે તો તમે શું કરશો ?

કુમારઃ ભલે ! ફરી આપણે નજીક જે ગામ આવે તે ગામમાં જઇ પુછીએ અને ત્યાં પણ તારા કહેવા પ્રમાણે ન્યાય થશે તો આ મારા બે ચક્ષુ તને આપીશ.

અપૂર્ણ.

# जैन कोन्फरन्समां आवेलुं तेज.

જૈન કોન્ફરન્સ બીજી વખત મુંબાઇમાં ભરાયા બાદ કેટલાએક કારણોથી તેમજ જનરલ સેક્રેટરી સાહેબોના પ્રમાદથી બહુ સુસ્તપણું ચાલ્યું. ચારે બાજુથી એ સંબંધમાં લખાણો શરૂ થયા અને છેવટે દબાયેલી કહેવામાં આવતી રકમમાંથી મોટો ભાગ વસુલ થઇ ગયો એટલે સેક્રેટરીઓ જાગૃતિમાં આવ્યા છે અને કોન્ફરન્સની બીજી વખતની બેઠકમાં થયેલા ઠરાવોનો અમલ કરવા તેમજ થયેલા ફંડની વ્યવસ્થા કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

મુખ્ય વ્યવસ્થા કરવાના ચાર પ્રકારો અથવા ચાર ખાતાઓની વહેંચણ જનરલ સેક્રેટરીઓએ અંદર અંદરની સમજણથી કરી લીધી છે, તેમાં જીર્ણ ચૈત્યોદ્ધારનું કામ **બાબુસાહેબ રાયકુમારસિંહજીને**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોંપવામાં આવ્યું છે. તેમના તરફથી શું ગોઠવણ થઇ તે હજુ સુધી બાલકુલ જાણવામાં આવ્યું નથી. **મી. ગુલાબચંદજી ઢઢાને** જીર્ણ પુસ્તકોદ્ધારનું કામ સોંપવામાં આવ્યું છે, તેમણે પ્રયાસ કરીને જેસલમેરનો ભંડાર ઉઘડાવ્યો છે અને તેની ટીપ કરવાનું કામ શરૂ થયું છે. મુંબઇ ખાતે શેઠ ફકીરચંદ પ્રેમચંદની જગ્યાએ નીમાયેલ **શેઠ વીરચંદભાઈ દીપચંદ** નિરાશ્રિત ફંડની વ્યવસ્થા કેમ કરવી તેને માટે વિચાર ચલાવે છે. જીવદયાના ફંડની વ્યવસ્થા સંબંધી વિચાર કાંઇ પણ બહાર આવ્યા નથી. **શેઠ. લાલભાઈ દલપતભાઇને** સોંપાયેલા સાંસારિક તેમજ ધાર્મિક કેળવણી સંબંધી ફંડની વ્યવસ્થા તેઓ સાહેબ તરફથી થવા માંડી છે. જૈન કન્યાશાળાઓમાં મદદ અપાણી છે ને અપાય છે. સ્કોલરશીપો આપવાનું કામ પણ શરૂ થયું છે અને વ્યવહારિક કેળવણી લેનાર જૈન બાળકોને ફી તથા બુકો વિગેરેની મદદ આપવા માટે જાહેર ખબર બહાર પાડવામાં આવી છે.

આટલા ઉપરથી અમે કહી શકીએ છીએ કે હવે કાંઇક તેજ આવ્યું છે પરંતુ હજુ વધારે તેજ આવવાની જરૂર છે. આઠ મહિનાની સુસ્તીનો યા પ્રમાદનો બદલો પાછળના ચાર છ મહિનામાં વાળી દેવાની આવશ્યકતા છે. કારણ કે આવા મોટા મંડળના આગેવાન થવું તે થોડા જોખમવાળી કે થોડા વજનવાળી હકીકત નથી. પૂરા બાહોશોનેજ-પૂરા બુદ્ધિવાનોનેજ આ પદ પ્રાપ્ત થાય તેમ છે તો તેને વગર કંટાળે સફળ કરવામાંજ સત્વવંતપણું સમાયેલું છે.

જૈન ડીરેકટરી આખા હિંદુસ્થાન માટે કરાવવાની તજવીજ પણ ચાલતી જણાય છે. આ કામ કયા ખાતામાંથી કરાવવાનું ઠર્યું છે તે સમજાતું નથી.

બીજી કોન્ફરન્સનો રીપોર્ટ બહાર પડવાની પણ તૈયારી સંભળાય છે, આની ખરેખરી જરૂર છે.

બીજી કોન્ફરન્સ વખતે થયેલા પાંચ ખાતા સંબંધી તેમજ કોન્ફરન્સનિભાવ સંબંધી ફંડની બાકી રહેલી ઉઘરાણીની હવે સખ્તાઇ કરવાની જરૂર છે. સારા સારા આબરૂદાર ગૃહસ્થો પણ રૂપીઆ ભરાવ્યા પછી અને એકમતે ચાર સેક્રેટરીઓની સત્તામાં સોંપવાનું ઠરાવ્યા પછી હવે રૂપીઆ મોકલવામાં ઢીલ કરે એ તેમને ઘટતું નથી. આ બાબતમાં ઉઘરાણીના પત્રો લખાતા હશે અને રકમો વસુલ પણ આવતી હશે તો તેની પહોંચ પ્રથમની પેઠે **જૈન** પત્રદ્વારા પ્રગટ કરવાની જરૂર છે. તેમજ જ્યાં સુધી કોન્ફરન્સ તરફથી ખાસ માસિક કાઢવામાં ન આવે ત્યાં સુધી ચારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેક્રેટરીઓ તરફથી થતા કામકાજની નોંધ બીજા જૈન માસિકો તેમજ જૈન-પત્રદ્વારા અનુકૂળતા અનુસાર પ્રગટ થવાની જરૂર છે કે જેથી શ્રાવક સમુદાયમાં કોન્ફરન્સ પ્રત્યે મંદ પડેલી લાગણી પાછી તાજી થાય અને તે લાગણી આવતી ત્રીજી બેઠક વખતે ઉપયોગમાં આવી શકે.

કોન્ફરન્સની ત્રીજી બેઠક વડોદરા ખાતે થવાની છે ત્યાં પણ જુદી જુદી કમીટીઓ નીમાણી છે. તેના પ્રમુખ, મંત્રીઓ નીમાણા છે અને કામ શરૂ થઇ ગયું છે. પરંતુ હજુ તેને માટે તારીખ મુકરર થઇ જણાતી નથી તો તે હવે થવી જોઇએ. આવતી કોન્ફરન્સના પ્રમુખ તરીકે **બાબુ-સાહેબ બુદ્ધસિંહજીનું** નામ બહાર આવ્યું છે અને તેઓ સાહેબે પ્રમુખપદ લેવાનું સ્વીકાર્યું છે એવા ખબર મળ્યા છે.

કોન્ફરન્સ તરફથી માસિક બહાર પાડવાની ખાસ આવશ્યકતા છે. કારણ કે તેના માસિકમાં પ્રગટ થયેલા ખબરજ સત્તાવાર ગણાય અને તેના-પર વધારે આધાર રાખી શકાય. આ બાબત સેક્રેટરી સાહેબોએ ખાસ વિચારમાં લેવા લાયક છે.

ચારે બાજુથી મળેલા પરચુરણ ખબરોને આધારે અમારા વાંચનારા શ્રાવક વર્ગને જાણવા માટે આટલી હકીકત પ્રગટ કરવામાં આવી છે.

# વર્ત્તમાન સમાચાર.

## શેહેર ભાવનગરમાં થયેલા ઠરાવો.

**મુનિ મહારાજ શ્રી નીતિવિજયજી**ના પ્રશિષ્ય **મુનિરાજ શ્રી મણિવિજયજી**ના એક સરખા પ્રયાસથી અને ભાવનગરના સંઘની તેમના પ્રત્યેની પૂર્ણ ભક્તિવાળી લાગણીથી આખા શ્રાવક સમુદાયના એકમતે નીચે જણાવેલા ઠરાવો પસાર થયા છે. તેનો સાર માત્ર આ નીચે આપવામાં આવ્યો છે,

### ઠરાવ પહેલો.

કોઇ પણ મરણની પાછળ રડવા કુટવાનો રિવાજ વૃદ્ધિ પામીને હદ વિનાનો થઇ ગયો હતો તેને અળગાવીને હદમાં લાવવાની આ ઠરાવની મતલબ છે, તેમાં મુખ્ય પૂજ મુકવાના દિવસ સુધી કુટવાની અને એક માસ સુધી મોં વાળવાની છૂટ મુકવામાં આવી છે; તેટલી મુદત પછીને માટે બંધ કરવામાં આવેલ છે, જેને માટે સ્ત્રીવર્ગમાં બહોળે ભાગે નિયમ કરાવવામાં આવેલ હોવાથી તે ટકી રહેવા સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ બીજો.

બહુ વખતથી ઉંડા મૂળ ઘાલી રહેલ મૃત્યુ પાછળ કારજ (જમણવાર-દહાડો) કરવાના રિવાજને ઉન્મૂલન કરી નાખવાની આ ઠરાવની મતલબ છે. તેમાં કોઈ પણ મરણની પાછળ કારજ કરવાનું બંધ કરવામાં આવ્યું છે. પરંતુ એક મહિના પછી જેની ઇચ્છા હોય તેને માટે આંગી પૂજન સહિત સ્વામીવચ્છળ કરવાની છૂટ આપવામાં આવી છે. જો કે તેને માટે મુદતનો નિર્ણય બીલકુલ કરવામાં આવેલ ન હોવાથી તે વાત પણ ફરજીયાત થઈ પડવા સંભવ નથી, કારણ કે દશ પાંચ વર્ષે પણ જેને કરવું હોય તે કરી શકે છે અને ન કરવું હોય તેને મુદતનો નિર્ણય ન હોવાથી કોઈ કહી શકે તેમ નથી.

આ ઠરાવના સંબંધમાં આગેવાન ૨૫ ગૃહસ્થોએ બાધાઓ પણ લીધી છે.

આ શિવાય આ ઠરાવમાં બીજી એક જરૂરની બાબત મૃત્યુ પાછળ કહેવામાં આવતા ધર્માદા દ્રવ્ય સંબંધી તરતમાં યોગ્ય વ્યવસ્થા કરવા સંબંધી છે તે ખાસ ધ્યાન આપવા યોગ્ય છે.

## ઠરાવ ત્રીજો.

અનેક સ્ત્રી પુરૂષોએ **મુનિરાજ શ્રી મણિવિજયજીના** અમોઘ ઉપદેશથી નિરાશ્રિત જૈનબંધુઓ માટે દરરોજ એક પાઈ, દોઢ પાઈ કે પૈસો આપવાનું પ્રતિજ્ઞા સાથે કબુલ કરવાથી તે નાખવાની પેટીઓ ધર્મસ્થાને મુકવામાં આવી છે, અને તેમાં કોઈક દરરોજની, કોઈક માસિક અને કોઈક વાર્ષિક રકમ નાખવા લાગ્યા છે. આ ખાતું સારૂં ચાલે તો તેમાં વાર્ષિક સારી રકમ આવવા સંભવ છે; તેથી તેની વ્યવસ્થા બહુ સારી રીતે થવા માટે પ્રતિષ્ઠિત અને મધ્યસ્થ પાંચ ગૃહસ્થોની કમીટી નીમી તેના હાથમાં કુલ સત્તા સોંપવામાં આવી છે.

## છાપરીઆળીની પાંજરાપોળ.

**શેઠ આણંદજી કલ્યાણજીના** તાબાની આ પાંજરાપોળની મુલાકાત હાલમાં ભાવનગર પાંજરાપોળ કમીટીના એક મેમ્બર **શા. સાવજી ગોવીંદજીએ** ખાસ અનુભવ લેવા માટે લીધી હતી. તેમણે તે સંબંધમાં બહુ સંતોષકારક બીના અમારા તરફ લખી મોકલી છે, તે સાથે કેટલીક સૂચનાઓ પણ કરી છે. આ પાંજરાપોળમાં જનાવરો મોટી સંખ્યામાં રહેતા હોવાથી તેની સારસંભાળ સંબંધી ઘણી વિરૂદ્ધ હકીકત બોલવામાં આવે છે, તે આ લખાણથી ખોટી પડે છે. સ્થળ સંકોચના કારણથી તે લેખ પ્રગટ કરી શક્યા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન ડાયરેકટરી તૈયાર કરવાની ઇચ્છા રાખનારાઓને જાહેર ખબર.

હિંદુસ્તાનના શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘની ડાયરેકટરી ( નામવાર વસ્તીની ગણત્રી નહીં) ૧ વર્ષમાં તૈયાર કરવાની છે તે સારૂ તેવું કામ માથે ઉપાડવાની ઇચ્છા રાખનારાઓએ આજની તારીખથી બે માસની અંદર નીચે સહી કરનારને પોતાનું સીલબંધ ટેન્ડર મોકલવું. જુદે જુદે સ્થળેથી ખબરો મેળવવાનું તૈયાર કરનારને માથે, સઘળી ખબરો આવ્યેથી અમારી ઓફીસમાં પાસ થયા પછી તે છાપવાની રજા આપવામાં આવશે અને તૈયાર થયેથી તેની ૧૦૦૦ નકલો અમને દામ લીધા વગર આપવી પડશે. સ્વીકારવામાં આવેલા ટેન્ડરની ½ રકમ તે ગૃહસ્થને ગેરંટી સાથે એડવાન્સ આપવામાં આવશે. અને દરેક પુસ્તકની કીમત રૂ.૨) થી વધારે રાખવી નહિં. વધુ ખુલાસા માટે નીચેને સરનામે પત્ર વ્યવહાર કરો.

સરાફબજાર મુંબાઇ }
તા. ૧-૯-૦૪ } જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.

---

## જૈન વિદ્યાર્થીઓને જાહેર ખબર.

જે જૈન વિદ્યાર્થીઓને નાણાની તંગીને લીધે વિદ્યાભ્યાસ કરવામાં અડચણ આવતી હોય તેમને શ્રી જૈન કોન્ફરન્સના કેળવણી ખાતામાંથી ફી તથા ચોપડીઓ માટે ખરચની મદદ આપવામાં આવશે. તેવી મદદ મેળવવા ઇચ્છનારાએ નીચે જણાવેલી વિગત સાથે માગણી માટે નીચેના શીરનામે જણાવવું.

**શેઠ લાલભાઇ દલપતભાઇ**
**જનરલ સેક્રેટરી અને કેળવણી ખાતાના સુપરવાઇઝર**
**શ્રી જૈન કોન્ફરન્સ—અમદાવાદ.**

૧ વિદ્યાર્થીનું પૂરૂં નામ.
૨ ઉમરનાં પૂરાં વર્ષ.
૩ કઇ શાળામાં ને કયા ધોરણનો અભ્યાસ કરે છે !
૪ વર્ગના કુલ નંબરો પૈકી માસીક નંબર કેટલામો છે ?
૫ માગણીની રકમ ફી માટે અને પુસ્તકો માટે કેટલી જોઇએ છે ?
૬ અભ્યાસ અને સારી ચાલ વિષે સ્કુલના હેડમાસ્તરનું સર્ટીફીકેટ.
૭ મદદ મેળવવા જેવી સ્થિતિ માટે બે આબરૂદાર ગૃહસ્થનું અથવા સ્કુલ માસ્તરનું સર્ટીફીકેટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન સ્ત્રી લેખકોને ઉત્તેજનાર્થે

## "અ. સૌ. મર્હુમ બાઈ સમરથ ઈનામમાળા."

એક ગૃહસ્થ ઉપલે નામે નીચેની સરતે લેખ લખનાર જૈન કન્યા અથવા સ્ત્રીઓને ઈનામ આપવા ઈચ્છા જણાવે છે.

૧ લેખ લખનારે સ્વતંત્રપણે લેખ લખ્યો છે એવું ખાત્રીપત્ર પ્રતિષ્ઠિત ગૃહસ્થનું મોકલવું.

૨ મુકરર કરેલા વિષયનો લેખ જૈનધર્મ પ્રકાશના ચાર પૃષ્ટ જેટલો હોવો જોઈએ, અને તે મુકરર કરેલી મુદતની અંદર આવી જવો જોઈએ.

૩ આવેલા લેખો પૈકી મુકરર કરેલ બે મેમ્બરો જે બે લેખને શ્રેષ્ઠ ગણશે તેમાંથી પહેલા નંબરને રૂ. ૫) ના અને બીજા નંબરને રૂ. ૩) ના જૈનધર્મ સંબંધી પુસ્તકો તેની ઈચ્છા અનુસરતા મોકલવામાં આવશે. અને તેમના નામ આ ચોપાનીઆ દ્વારા પ્રગટ કરવામાં આવશે.

આ પહેલી વખતને માટે "જૈન સ્ત્રીઓને કેવી કેળવણીની આવશ્યકતા છે?" એ વિષય મુકરર કરવામાં આવ્યો છે. મુદત આસો શુદિ ૧૫ ઠરાવવામાં આવી છે. ત્યાર અગાઉ લેખ મોકલવા.

વ્યવસ્થાપક
જૈનધર્મ પ્રકાશ.

---

## જૈનોને જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રીપોર્ટની ૨૦૦૦ નકલો છપાય છે તેનું કદ રોયલ ૮ પેજી ૫૦૦ પાનાનું થશે તેમાં જૈન વેપારીઓ અથવા જૈન ધર્મને લગતી જાહેર ખબરો નીચેના ભાવથી લેવામાં આવશે. એક પેજના રૂ.૬) અરધા પેજના રૂ.૩)

રીપોર્ટની નકલો પડતર કીમતે વેચાતી મળશે. ગ્રાહકોએ જલ્દીથી નીચેને સરનામે નામો નોંધાવવાં. નકલો જુજ હોવાથી ખપી ગયા પછી દીલગીરી સાથે ના કહેવી પડશે માટે નામો નોંધાવવામાં ઢીલ કરવી નહીં.

જૈન કોન્ફરન્સ ઓફીસ.
સરાફબજાર—મુંબાઈ.

For Private And Personal Use Only